# ચૂંટણી ઢંઢેરામાં શિક્ષણને કેટલું પ્રાધાન્ય?

ગુજરાતમાં વિધાનસભા માટે ચૂંટણી આવી રહી છે. લોકશાહીમાં ચૂંટણીનું આગવું મહત્ત્વ રહેલું છે. દરેક લોકશાહીદેશમાં જે તે દેશના રાજકીયપક્ષો લોકશાહીના આધાર સ્તંભ અને રખેવાળ ગણાય. જુદા જુદા રાજકીયપક્ષોની વિચારધારા જુદી જુદી હોઈ શકે, આમછતાં રાજકીયપક્ષોનું સ્થાન અનેરું છે અને રહેશે. ચંટણ ીઆવે ત્યારે દરેક રાજકીયપક્ષો પોતાની વિચારધારાને આગવી રીતે પ્રસ્તુત કરતા હોય છે. જેને આપણે ચંટણી ઢંઢેરો પણ કહી શકીએ. પરિણામ સ્વરૂપ દરેક રાજકીયપક્ષો પોતાની વિચારધારાને લક્ષ્યમાં રાખી પોતે શું કરવા માંગે છે કે શું નહીં કરે તે મતદારો સમક્ષ રજૂ કરતા હોય છે. જેને આધારે મતદારોએ કયા પક્ષને મત આપવો કે નહીં તે નક્કી કરવું જોઇએ. પણ આપણી કમનસીબી એ છે કે આજના સમયે આવું બનતું નથી. આમછતાં કેટલાક જાગૃત નાગરિકો ચૂંટણી ઢંઢેરાને મહત્ત્વ આપે જ છે અને જો તે પ્રમાણે કામ ન થાય કે વિચારધારા બદલાય તો જવાબ પણ માંગે છે.

આ માસમાં ગુજરાતમાં આવતી ચૂંટણી માટે પણ મુખ્યપક્ષોએ પોતાની વિચારધારા વ્યક્ત કરતો ચંટણી ઢંઢેરો બહાર પાડયો છે. જેમાં જો તે પક્ષ ચંટાઇને આવશે તો અમુક ચોક્કસ પ્રકારના કામ કરશે તેવી વાત રજૂ કરી છે. આ માટે પ્રેસનોટ, ચોપાનીયા કે પ્રવચનોનો આધાર લઇને વિચારધારાને પ્રજા સમક્ષ મૂકવામાં આવી રહી છે. જેમાં રસ્તા, પાણી, ગટર, ઉધોગો, ખેડૂત, હિરાઘસુ, નોકરીયાતવર્ગ અને અન્ય કેટલીક બાબતો દરેક પક્ષ તરફથી રજૂ કરવામાં આવી છે. આમછતાં કોઇપણ પક્ષે શિક્ષણ માટે શું અને કેટલું કરવામાં આવશે તેનો જોઇએ તેટલા પ્રમાણમાં અને જોઇએ તે સ્વરૂપે ચંટણી ઢંઢેરામાં સમાવેશ કર્યો નથી. રાજકીયપક્ષોએ અન્ય જે મુદ્દાઓનો સમાવેશ કરેલો છે તે અર્થવિહિન અને ઉતરતી કક્ષાના કે બિનજરૂરી છે તેમ કહેવાનો સહેજ પણ ઇરાદો નથી. સમાજ અને વ્યક્તિ માટે જેટલી જરૂરિયાત હવા-પાણી અને ખોરાકની છે તેટલીજ જરૂરિયાત આજના સમયે શિક્ષણની પણ છે. જે બાબત દરેક રાજકીયપક્ષોએ વિસારે પાડી ચે તેનો રંજ જરૂરથી જાગૃત વ્યક્તિઓને રહેશે જ. ખરેખર તો દરેક રાજકીય પક્ષોએ પ્રાથમિકથી માંડીને ઉચ્ચશિક્ષણ સુધીની પોતાની વિચારધારા કે નીતિનો ચંટણી ઢંઢેરામાં સમાવેશ કરવો જોઇએ. જો તે પક્ષ ચંટાઇને આવશે તો પ્રાથમિક કક્ષાએ, માધ્યમિકકક્ષાએ અને ઉચ્ચશિક્ષણક્ષેત્રે શું કરશે તે જણાવવું જ જોઇએ. દરેક પક્ષને ખેડૂત, હિરાઘસુ, નોકરીયાતવર્ગ, કામદારો વગેરે યાદ આવતા હોય તો વિદ્યાર્થીઓ કેમ નહીં?

આજનો વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક છે. આજના યુવાન વિદ્યાર્થીને ભવિષ્યમાં ક્યાં લઇ જવો છે કે ક્યાં પહોંચાડવો છે તેનો સમાવેશ જો ચંટણી ઢંઢેરામાં કરવામાં આવે તો ચારચાંદ લાગી જાય.

રાજકીયપક્ષોનું મહત્ત્વનું વચન સમાજની પ્રગતિ સાધવા અંગેનું હોય છે. સમાજ જેટલો જાગૃત તેટલી પ્રગતિ ધનાધન. સમાજને જાગૃત કરવા કે પ્રગતિ સાધવાનું મુખ્ય હથિયાર શિક્ષણ જ છે. આમછતાં શિક્ષણ અંગેની વાત કોઇ રાજકીય પક્ષ કરતો નથી. તો શું આ પક્ષો સમાજને ઢંઢોળવા માંગતા જ નથી ? શું તેમના વચનો પોલા છે? આમ તો ચંટણી આવે ત્યારે દરેક પક્ષો અનેકાનેક વચનોની લ્હાણી કરતાં હોય છે. આ લ્હાણીમાંથી પણ શિક્ષણ બાકાત? એનો અર્થ એવો કરી શકાય કે કાં તો રાજકીય પક્ષો પાસે શિક્ષણ અંગે ચોક્કસ કોઇ વિચારધારા કે ચોક્કસ નીતિ નથી અથવા તો શિક્ષણ તરફ તેમને દ્દષ્ટિ કરી નથી અથવા તો તેમના મતે શિક્ષણનું કોઇ મહત્ત્વ નથી અથવા તો શિક્ષણ અંગે સમજે છે બધું જ પણ તે કરવું નથી?

ચૂંટણીની જાહેર સભાઓમાં પણ અનેકાનેક બાબતો આવશે પણ શિક્ષણ અંગેની કોઇ વાત આવશે જ નહીં. જાહેરસભામાં પ્રવચનોમાં પણ શિક્ષણનો છેદ ઉડેલો જોવા મળે છે. રાજકીય પક્ષો જો ચૂંટણી ઢંઢેરામાં શિક્ષણનો સમાવેશ કરે તો અવશ્યપણે યુવાનોને આકર્ષી શકે. યુવાનોને સરળતાથી પક્ષ તરફ વાળવાનો આ વ્યૂહ પણ ગણી શકાય.  આવતી પેઢી માટે માર્ગદર્શક બની રહે. જેમાં માત્ર યુવાન વિદ્યાર્થીઓ જ નહીં પણ શિક્ષકો અને શિક્ષિત વ્યકિતઓ પણ રસ દાખવશે. આમ છતાં ચૂંટણી ઢંઢેરામાંથી શિક્ષણ જ બાકાત એ આપણી કમનસીબી જ ગણાય. એનો અર્થ એ પણ કરી શકાય કે શિક્ષણ માટે શું જરૂરી છે? શું કરવું જોઇએ? શું ન કરવું જોઇએ? શું મહત્ત્વનું છે? કઇ બદી છે અને તેને કઇ દૂર કરશે કે કેમ? વગેરે બાબતો અંગેનું જ્ઞાન કે વ્યૂહ કે નીતિ શું એકપણ રાજકીય પક્ષ પાસે નથી? જો આવું જ હોય તો સમાજના જાગૃત, શિક્ષિત નાગરિકોએ દરેક પક્ષને આ અંગે સવાલ કરવા જોઇએ. જો જે તે રાજકીય પક્ષ ચંટાઇને સરકાર રચશે તો શિક્ષણ અંગે શું કરશે તેની સ્પષ્ટતા માંગવી જોઇએ, આ માટે જરૂરી દબાણ પણ લાવવું જોઇએ. આપણે ફરીથી કબૂલ કરીશું જ કે બેકારી, ગરીબી જેવી સમસ્યાઓ પ્રત્યે દરેક રાજકીય પક્ષોએ ધ્યાન આપ્યું જ છે અને આપવું જ જોઇએ. પણ આ સમસ્યાનો નિવેડો લાવવા માટે જે ઘણી ઘણી અગત્યની બાબત છે તે છે શિક્ષણ. અને તે શિક્ષણને જ દૂર રાખીને સમસ્યાઓ ઉકલવા માટે અપાતા વચનો ઠાલાં અને પોલાં જ રહેશે. ગરીબી કે બેકારીના નિરાકરણ માટે કે સમાજમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે કે જાગૃત, સ્વસ્છ, સવાસિત સમાજના ઘડતર માટે શિક્ષણ અને માત્ર શિક્ષણ જ સહાયરૂપ થવાનું છે. છતાં પણ શિક્ષણની દુર્ગંધ આવતી હોય તેમ દરેક રાજકીયપક્ષો વર્તે છે તે સારા અને શાણા રાજકીયપક્ષોની છાપ ઉપસાવી શકતા નથી. આમ તો અનેક વચનો આપતા રાજકીય પક્ષો શિક્ષણ અંગેના વચનો આપવામાં કાચા પડે છે કે ગભરાય છે કે આ અંગે તેમની પાસે કોઇ જ જ્ઞાન નથી વગેરે જેવી કુકલ્પનાઓ કરવી પડે તે એક નાગરિકને શોભા નથી દેતી, છતાં પણ આજનો બાપડો બિચારો બની ગયેલો નાગરિક કરી પણ શું શકે? છતાં એક આશા રાખીએ કે ભલે ચુંટણી ઢંઢેરામાં શિક્ષણને ભૂલી ગયા હોવ, પણ ચંટાયા પછી ભૂલી ન જતાં. શિક્ષણ તો સમાજનો પાયો છે. એ પાયો મજબૂત કરસો તો સમાજરૂપી આખી ઇમારત મજબૂત ચણાશે જ. ભગવાન સૌને સદ્‌બુદ્ધિ આપે તેવી પ્રાર્થના.